May 2024

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal

Year 19 • Issue 8 / 219
• Mumbai • Page 28 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

**વ્હાલા મિત્રો**

**દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

જય જિનેન્દ્ર !

ઓહ ! આ આનંદ તો આપણી ચોતરફ છે. એનું ઝરણું તો સદા ખળખળ કરતું બધે જ વહી રહ્યું છે.

આવા જ આનંદની લાગણી સાથે આપ સૌની સમક્ષ પાટણ જૈન સમાજને ગૌરવ અને ગરીમા થાય તેવી એક વાત મારે કરવી છે.

માઁ સરસ્વતીના આશીર્વાદથી પાટણ ખાતે સંસ્થાની **નૂતન ટી.ડી.એસ.વી. સ્કુલનું** ઉદ્‌ઘાટન **તા. ૮ અને ૯ જુન ૨૦૨૪ - શનિવાર** અને **રવિવારના** રોજ કરવાનો સમય નજીકમાંજ આવી ગયો છે. આ એક બહુ મોટું ભગીરથ કાર્ય હતું પરંતુ આપ સૌનો સાથ-સહકારથી, શુભેચ્છાથી ઉદારદીલ દાતાઓના દાનથી તેમજ ભગીરથ પુરુષાર્થ અને પરિશ્રમ દ્વારા આ એક સ્વપ્ન સમાન સ્કુલનું નિર્માણ થયું છે. જે સમય જતાં પાટણને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં અનન્ય ફાળો આપશે.

સમયને જે વ્યક્તિ યોગ્યરીતે વાપરી કે ખર્ચી જાણે છે એ સમય બાબતે સફળતાની મંઝીલ આપોઆપ આવી જાય છે. આનો જશ હું પોતે વ્યક્તિગત રીતે પાટણ જૈન મંડળના ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** તથા વિદ્યાલયના માનદમંત્રી **શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહને** આપું છું. આ સરસ્વતી મંદિરના ઉદ્‌ઘાટન સમયે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આપ સર્વેને અમારું ભાવભર્યું આમંત્રણ છે. પાટણ પરિવારજનો જરૂરથી પધારશો તેવી આશા છે.

દરેક ક્લાસના દરેક દાતાઓ દ્વારા ઉદ્‌ઘાટન કરાવવાનો નિર્ણય કમિટિએ લીધો છે. અમને આશા છે કે જરૂરથી આપ સૌ પ્રેમથી પાટણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશો તો સોનામા સુગંધ ભળશે.

**લોનાવલા ખાતે આલિશાન સેનેટોરિયમ પ્રોજેક્ટ** શરૂ કરવા માટેની કમિટિમાં ચર્ચા વિચારણાઓ કરી તૈયારીઓ થઈ ચૂકી છે. જગ્યા પસંદ કરવા માટે વારંવાર લોનાવલાની મુલાકાતે જઈએ છીએ, ૩ થી ૪ જગ્યા પસંદ કરી રાખી છે. પાંચ એકરથી વધારે જગ્યામાં આ પ્રોજેક્ટ બેસ્ટ ઓફ બેસ્ટ બનાવવો છે. જેનો અંદાજિત ખર્ચ ૩૬ કરોડ થી વધારે થાય તેવું લાગે છે. આ ખર્ચને પહોંચી વળવા માટે **મુખ્ય દાતાનું નામ રૂા. ૬ કરોડમાં આપવામાં આવશે.**

**મુખ્ય આધાર સ્થંભ રૂા. ૧ કરોડ (૮ દાતાઓના નામ લેવાની ભાવના છે)**

**સહયોગી આધાર સ્થંભ રૂા. ૫૦ લાખ - (૨૪ દાતાઓના નામ લેવાની ભાવના છે)**

**પ્રત્યેક રૂમના બે લાભાર્થીઓ સાથે લાભ લઈ શકશે (એક લાભાર્થીના રૂા. ૧૫ લાખ) (બે લાભાર્થીના રૂા. ૩૦ લાખ)**

**આ આખી સ્કીમની વિગત પાના નં. ૫ ઉપર આપવામાં આવેલ છે.**

પાટણ સમાજના સાધન સંપન્ન સમૃદ્ધ પરિવારોને આ પ્રોજેક્ટ માટે સાથ સહકાર આપવા અમારું આહવાન છે કે વધારેમાં વધારે દાતા પરિવારો સાથે જોડાય અને ભવિષ્યનું જનરેશન આવા સુંદર કાર્ય કરવાનો આનંદ પ્રાપ્ત કરે. આ સાથે એક સુંદર મજાનું નવ ગ્રહ જિનાલયનું નિર્માણ કરવાની ભાવના છે.

સૌરભ મેડિકલ હેલ્થકેરનું પરિણામ દિવસે દિવસે વધારે ને વધારે સારું થતું જાય છે. ફુલ બોડી ચેકઅપમાં રૂા. ૪૫૦૦/-ની સ્કીમમાં ઘણા લોકોએ મોટી સંખ્યામાં પોતાના પરિવાર સાથે લાભ લીધો છે. વસઈ - વીરારથી પણ લોકો આવે છે. મારી નમ્ર વિનંતી છે કે આ સ્કીમનો લાભ વધુમાં વધુ સંખ્યામાં આપણા સમાજના લોકો લેશે તો વધારે પ્રગતિ થશે.

Cont. page 2

**તા. ૧૦મી મે** ના રોજ હાર્ટ અને ઓર્થોપેડિકનો ફ્રી ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો જેમાં ૧૧૦થી પણ વધુ લોકોએ લાભ લીધો છે. દર બે મહીને જુદા જુદા કેમ્પ કરવામાં આવશે. આ મેડિકલ સેન્ટરમાં બધાજ પ્રકારની સુવિધા છે, સ્ટાફ બહુજ સારો છે, ડોક્ટરો પણ નિયમિત રીતે તેમની માનદ્ સેવા ખુબજ આનંદપૂર્વક આપે છે. **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહના** સુપુત્ર **ડૉ. હર્ષિલભાઈ જે. શાહ** ઓર્થોપેડિકની ડીગ્રી પ્રાપ્ત કર્યા બાદ સૌરભ મેડિકલ સેન્ટરમાં પોતાની માનદ સેવા આપી હતી તેમને ખુબજ આનંદ આવ્યો હતો અને સેન્ટરની પ્રસંશા કરી હતી.

**શ્રી અશોકભાઈ દલપતભાઈ શાહ** તેમજ બીજા કાર્યકરો નિયમીતરીતે સમયસર આવીને પેશન્ટોનું ધ્યાન રાખી તેમને માર્ગદર્શન આપે છે. નાસ્તાની પણ સુંદર વ્યવસ્થા છે. આ માડિકલ સેન્ટરમાં હવે બહુ ઓછા ડિપાર્ટમેન્ટ દાતાઓને આપવા માટે બાકી છે તો જે પટણીઓને હજુ પણ લાભ લેવો હોય તો અમારો સંપર્ક કરી શકે છે. એકવાર જાતે નિરીક્ષણ કરવા પધારશો તો તમને રૂબરૂમાં વિગતવાર જાણકારી મળશે.

**તા. ૧૬મી જુન -૨૦૨૪ ના** પાટકર હોલ ખાતે (ચર્ચગેટ) એક મ્યુઝિકલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. સુંદરાબાઈ હોલમાં ભોજનની વ્યવસ્થા રસ-પુરીની સાથે કરવામાં આવી છે. આ પ્રોગ્રામના **સ્પોન્સરર શ્રી સુશીલાબેન ચંદ્રકુમાર મણિલાલ ઝવેરી (સાહેબા)** ચોધરીની શેરી છે.

**જુન-જુલાઈ ૨૦૨૪માં ઈન્ડોર ગેમ્સ, વોલીબોલ, થ્રોબોલ** વિગેરે ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે. **તા. ૨૨, ૨૩ અને તા. ૨૯, ૩૦ જુન ૨૦૨૪ રાખવામાં આવી છે. જુલાઈમાં તા. ૬, ૭ અને તા. ૧૩, ૧૪ ઈન્ડોર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે,** જેમાં ટેબલટેનીશ, ચેસ, કેરમ, બેડમિનટન વિગેરે ગેમ્સો રમવાનો આનંદ મળશે. NSCI વર્લી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

દરેક પાટણ વાસીઓનું જીવન ઉત્તરોત્તર બહેતર બનતું જાય, તેમનો ઉત્કર્ષ થતો જાય તેમ સમજીને આર્થિક, મેડિકલ, એજ્યુકેશન વિગેરે અન્ય જરૂરિયાતો વધુમાં વધુ સંતોષકારક રકમ આપી શકીએ તેવો નિર્ણય કરવામાં આવ્યો છે આ માટે પણ દાતા પરિવારોને સાથ-સહકાર આપવા નમ્ર વિનંતી છે જેથી સમાજના મધ્યમ વર્ગના અને જરૂરિયાતમંદ પરિવારોને સહાય કરી શકાય.

## મદદ જીવન બદલી શકે

મુંબઈ થી બેંગલોર જઈ ટ્રેનમાં ટિકિટ ન હોવાને કારણે ૧૪ વરસની એક છોકરી સીટની નીચે છૂપાઈ ગઈ હતી. ટ્રેનમાં ટિકિટ ચેક કરવા આવેલા ટીસીની નજર અચાનક સીટ નીચે છૂપાયેલી એ યુવતી પર પડી. ટીસીએ છોકરીને કહ્યું, એ છોકરી ટિકિટ બતાવ.

છોકરીએ ડરતા કહ્યું, સાહેબ મારી પાસે ટિકિટ નથી.

ટીસીએ ગુસ્સામાં કહ્યું, તો પછી ઉતર ટ્રેનમાંથી.

એ જ ડબમાં મુસાફરી કરી રહેલી એક સ્ત્રીએ ટીસીને કહ્યું, છોકરીની ટિકિટના પૈસા હું આપી દઈશ. એ સ્ત્રીનું નામ સુધા મૂર્તિ હતું. જે પોતે એક પ્રોફેસર હતા.

સુધાજીએ ખૂબ જ શાંતિથી પેલી છોકરીને પૂછ્યું દીકરા, તારે ક્યાં જવું છે ?

છોકરીએ કહ્યું, મેડમ, મને જ ખબર નથી મારે ક્યાં જવું છે. સુધાજીએ છોકરીને કહ્યું, એક કામ કર, તું મારી સાથે બેંગ્લોર ચાલ. સુધાજીએ ટીસીને કહ્યું, આ છોકરીની બેંગલોર સુધીની ટિકિટ આપી દો.

ટીસી પાસેથી ટિકિટ લીધા પછી સુધાજીએ પેલી છોકરીને પૂછ્યુ તારું નામ શું છે ?

છોકરીએ કહ્યું, ચિત્રા.

બેંગલોર પહોંચ્યા પછી સુધાજીએ ચિત્રાને એક સ્વયંસેવી સંસ્થાને સોંપી અને એ છોકરીનું એડમિશન એક સારી સ્કૂલમાં કરાવી દીધું. થોડા સમય પછી સુધાજીની ટ્રાન્સફર દિલ્હી થઈ ગઈ. જેના કારણે સુધાજી અને ચિત્રાનો સંપર્ક તૂટી ગયો. ક્યારેક ક્યારેક બન્ને વચ્ચે ફોન પર વાત થઈ જતી.

લગભગ વીસ વરસ પછી સુધાજીએ લેક્ચર આપવા માટે અમેરિકાના સાનફ્રાન્સિસ્કો શહેરમાં બોલાવવામાં આવ્યા.

લેક્ચર પતી ગયા પછી સુધાજી સાનફ્રાન્સિસ્કો શહેરમાં હોટલનું બિલ આપવા રિસેપ્શન પર પહોંચ્યા તો એમને ખબર પડી કે પાછળ ઊભેલા દંપતીએ બિલ ચૂકવી દીધું છે. સુધાજીએ નવાઈ સાથે દંપતીને પૂછ્યું, આપે મારું બિલ કેમ ચૂકવ્યું ?

દંપતીમાં પતિ સાથે ઊભેલી સ્ત્રીઅ કહ્યું, મેડમ, મુંબઈથી બેંગલોર સુધીની રેલવે ટિકિટ સામે આ તો કંઈ પણ નથી.

અરે ચિત્રા ! સુધાજીના મોઢેથી નીકળી ગયું.

ક્યારેક તમે કોઈકને કરેલી મદદ એનું જીવન બદલી શકે છે. જો જીવનમાં કંઈ કમાવવા માગો છો, તો શક્ય તેટલી મદદ કરતા રહો અને પુણ્ય કમાતા રહો.

# ઉતાવળ એ આજના યુગનો મહાવ્યાધિ છે

**તંત્રી સ્થાનેથી...**

ભારતી બી. શાહ

*આત્મીય મિત્રો !*
*પ્રણામ*



એક કંપનીએ વર્તમાનપત્રમાં ''ટેલીફોન ઓપરેટર જોઈએ છે'' ની જાહેરાત આપીને બાકીની જરૂરી માહિતી ટૂંકમાં આપી હતી. જાહેરાત વાંચીને ઘણાં સ્નાતકોએ પણ અરજી કરીને ઉમેદવારી નોંધાવી હતી. કંપનીએ નક્કી કરેલી તારીખે ઉમેદવારો આવીને બેસી ગયા હતા. કંપનીનો મેઈન ઓફિસર એ દિવસે સવારના પહેલો આવીને પોતાની ચેમ્બરમાં બેસી ગયોહતો. પરંતુ ઈન્ટરવ્યુ આપનાર ઉમેદવારોને કલ્પના પણ નહોતી. તેઓ બધા એમ વિચારતા બેઠા હતા કે આપણા દેશમાં સમયસર કશું જ શરૂ થતું નથી તેથી બહાર બેઠેલા ઉમેદવારો એકબીજાની જોડે ક્રિકેટ મેચ, શેરબજાર, નરેન્દ્ર મોદીની યોજનાઓ જેવી વાતો અને બેરોજગારી, ભ્રષ્ટાચાર, લાગવગ વિગેરેની ચર્ચામાં પરોવાઈ ગયા.

લગભગ સવારનાં ૧૧ વાગ્યા હશે અને ઓફિસરની કેબિનમાંથી એક પ્યુન બહાર આવ્યો અને બહાર બેઠેલા ઉમેદવારોને જણાવ્યું કે, ''આપ સહુ જઈ શકો છો અમારા બોસે એક ઉમેદવારની પસંદગી કરી લીધી છે.'' પેલા પ્યુનની આ વાત સાંભળીને બધાજ ઉમેદવારો ખૂબ રોષે ભરાયા અને તેઓએ કંપનીના નામે મુર્દાબાદના નારા ઉચ્ચારવા શરૂ કર્યા. ઓફિસરને નામે પણ એલફેલ બોલવા લાગ્યા. 'ભ્રષ્ટાચાર ઝીંદાબાદ, લાગવગ ઝીંદાબાદ' ના સૂત્રો સાથે ધાંધલ ધમાલ મચી ગઈ. કંપનીના અન્ય કર્મચારીઓ દોડીને આવી ગયા. પ્યુને ગભરાઈને ઓફિસરને કેબિનની બહાર આવી વાતાવરણને શાંત પાડવા વિનંતી કરી.

ઓફિસરે બધા જ ઉમેદવારોને પોતાની કેબીનમાં બોલાવ્યા અને પાણી પીવડાવીને શાંત કર્યા. એક ઉમેદવારે આગેવાની લેતા કહ્યું, ''સર! પહેલેથી જ અમને કહી દીધુ હોત કે, તમે લાગવગ લગાવીને ઉમેદવાર પસંદ કરી લીધો છે, તો અમે અહીં આવીને અમારો સમય તો ન બગાડત. લાગવગને પ્રાધન્ય આપતા આપે તો શરમાવું જોઈએ.''

પેલા ઓફિસરે શાંતિથી જવાબ આપ્યો અને કહ્યું કે આમ ઉતાવળે અભિપ્રાય બાંધી ન લેવાય. મેં કોઈ લાગવગ લગાવી જ નથી, પરંતુ હું આપ સૌ કરતાં આજે વહેલો આવી જ ગયો હતો અને મેં ધીમા અવાજે વારાફરતી બધાના નામોની જાહેરાત કરી હતી પણ તમે સૌ વ્યર્થ ચર્ચાઓમાં એટલા બધા મશગૂલ હતા કે તમને કોઈને ખબર જ નથી પડી કે તમારા નામની જાહેરાત થઈ ચૂકી છે. જોઈ લો, આ ટેબલ પર પડેલું તમારું લિસ્ટ અને નામ. પરંતુ એક ઉમેદવાર નોકરીની ગંભીરતા સમજતો હતો એટલે સજાગ રહીને, એકાગ્રતા પૂવર્ક ઈન્ટરવ્યુ કોલની રાહ જોતો બેઠો હતો પોતાનુ નામ જ્યારે સાંભળ્યું ત્યારે તરતજ અંદર આવીને ઈન્ટરવ્યુ પાસ કરી ગયો. તમે બધા બેધ્યાન રહ્યાં. ટેલીફોન ઓપરેટરની નોકરી માટે એકાગ્રતા અને શાંત ચિત્તની વધારે જરૂર છે.

ઓફિસરની વાતમાં સત્યનો રણકાર હતો બાકીના ઉમેદવારોને ભૂલ સમજાઈ ગઈ, કે માણસ પોતાના પ્રમાદમાં અને બેધ્યાનમાં હોવાને કારણે હાથમાં આવેલી તકોને ગુમાવી દે છે આ છે. માણસની નિષ્ફળતાનું મોટું કારણ ચોક્કસ કરેલા ધ્યેય, દ્રઢ ઈચ્છા શક્તિ કે સંકલ્પબળ વગર એકાગ્રતા આવતી નથી! માણસો આજકાલ બધુ જ ઉતાવળે 'પતાવી' દેવામાં જ ડહાપણ સમજે છે અને ગર્વ અનુભવે છે. સત્તાના સિંહાસન પર હજુ તો આવીને સ્થાન ગ્રહણ કરે છે ત્યાંથી જ તેની ઉતાવળ શરૂ થઈ જાય છે. ડોક્ટરો હોય કે કોલેજના પ્રોફેસરો, સ્કુલના શિક્ષકો હોય કે વેપારી દરેકને બધું જ કાર્ય ઉતાવળથી પતાવી દેવામાં જ રસ હોય છે. ઉતાવળીઓ હોંશિયારમાં ખપે છે અને ધીમી ગતીએ ચાલનારો મૂર્ખામાં ગણાય છે, પરંતુ ઉતાવળથી આંબા પાકતા નથી, વર્ષો સુધી તે માટે રાહ જોવી પડે છે. ઉતાવળથી માણસના વ્યક્તિત્વનું ઘડતર થતું નથી. ઉતાવળ કરવી એ આજના યુગનો મહાવ્યાધિ છે.

આ જ વાત નેતૃત્વ કરનાર લીડરોએ પણ સમજવા જેવી છે. જો સાચા અર્થમાં લીડર બનવું હોય તો ''સ્વ સાથે સૌનો વિકાસ'' એવો સ્પષ્ટ ધ્યેય રાખવો જોઈએ ઉતાવળ એ ભ્રમ છે સત્તાના સિહાંસન પર બેસવાના સ્વપ્નો, આપણી સિદ્ધિઓ માટે સહાયક બનતા નથી. આજનો માણસ આકાશ તરફ તો જુએ છે પણ તેમાં સદા યે ચમકતો રહેતો ધ્રુવનો તારો દેખાતો નથી! વગર વરસેવો પાડે 'લીડર' બનવાનો મોહ હવે બધાને વધતો જાય છે.

મિત્રો ! જેઓને નેતૃત્વ કરવાની ઈચ્છા છે, તેઓએ નેતૃત્વની સપ્તપદીને શાંત ચિત્તે જીવનમાં ઉતારવા જેવી છે અને તેના દ્વારા જ ''પરિપક્વતા''ની સીડી પર ચઢીને સત્તાના સિંહાસન પર આરૂઢ થવાનું છે.

સ્વમાં શ્રદ્ધા, પરિપક્વતા, હૃદયની વિશાળતા, પૂર્વગ્રહોમાંથી મુક્તિ, કાર્ય કરવાની ક્ષમતા, નિર્ણયાત્મક શક્તિ, વચનબદ્ધતા અને પ્રસંશા તથા ખુશામતને તિલાંજલી આ સાતપદી દ્વારાજ નેતૃત્વના ગુણો ખીલી ઉઠશે સાથે એકાગ્રતા તો પ્રથમ સ્થાને જોઈશે જ. તો જ નિષ્ઠા આવશે.

આપણા જીવનમાં ઘણા પ્રલોભનો આવશે આપણને આપણા કર્તવ્ય અને સત્યના માર્ગથી વિચલિત કરશે, પરંતુ આપણું કર્તવ્ય છે કે આપણે જરા પણ વિચલિત ન થતાં વર્તમાનના સુખો ઉતાવળે ભોગવી લેવાની લાલસા ન રાખીએ. ઉતાવળ આનંદને માણવાની તક છીનવી લે છે. સિદ્ધિ માટેની ઉતાવળ 'દૂર્યોધનને' જન્મ આપે છે અને શાંતિથી ધીરજથી, એકાગ્રતાથી થતાં કાર્યો દ્વારા 'અર્જુન' નો જન્મ થાય છે.

નેતૃત્વ કરનારે પોતાના અંદરના ઉત્તમ મૂલ્યો ખોવાઈ ન જાય એ રીતે સમયને પારખીને જ આગળ વધવું જોઈએ.

શ્રી પાટણ જૈન મંડળના બધાજ નવા પદાધિકારીઓ વર્ષ ૨૦૨૪-૨૫ માટે કાર્યરત થઈ ગયા છે અને કારોબારી સમિતિના સભ્યો અન્ય મિત્રો આપ સૌને મારી ખુબ ખુબ શુભકામના. આપ સૌના સાથ સહકાર, સંઘ અને સંઘઠનની શક્તિ દ્વારા આપણી આ મહામૂલ્યવાન સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરીને પાટણ સમાજનું નામ રોશન કરે તેવી અભ્યર્થના સાથે....

**અસ્તુ**

## સેવાની સુવાસ

મુઠ્ઠી બાધીને જન્મ્યા ને હાથ પસારીને ચાલ્યા જવા સુધીના જીવનમાં નિજી સુખ માટેની દોડ એ તો સહુના જીવનનો સામાન્ય ઘટનાક્રમ છે. કિંતું, જેઓ આ ઘટનાક્રમથી ઉપર ઉઠે છે તેઓની કથા કંઈક જુદી હોય છે, ઘોર અંધકારમાં પણ માણસાઈના મશાલલચીઓ પંથને આલોકિત કરતા હોય છે.

દારૂણ ગરીબીમાં બેહાલીમાં કે બિમારીમાં રિબાતા માનવીઓની સેવા કરવા માટે પોતાની અપાર જાહોજલાલી છોડીને નીકળી પડેલા માનવીઓના ઉમદા પ્રશસ્ત કાર્યની પ્રશંસા થવી જોઈએ સ્વ ને બદલે સર્વનું કલ્યાણ સાધવાની આરત અને ઉદ્દેશ સાથે સેવા કાર્યમાં ઝંપલાવનારને સમાજની એવી જ વ્યક્તિઓનો સહયોગ સાંપડતો હોય છે ને માનવકલ્યાણની આવી સંસ્થાઓનું નિર્માણ થતું હોય છે.

ક્યારેક વ્યક્તિના મનોબળને આદર્શોને વિચલિત કરી છે એવી નિરાશાની પળ સાંપડતી હોય છે, પરંતુ પોતાના ધ્યેયમાં નિશ્ચિત રહી સામાપ્રવાહે તરીને પણ કલ્યાણ કર્યો કરનાર કરૂણાભીના માનવીઓને મળીને મન ભરાઈ જાય છે આ ધરતી પર કદાચ એટલે જ ચોમેર આશાનું કિરણ પ્રસરતું જ રહે છે.

કોઈપણ ઈમારતથી ભવ્યતાનો આધાર એના મજબૂત પાયા પર રહેલો હોય છે. સુગ્રથિત સમાજને માટે તે મૂળિયાના મજબૂત માણસો જ જવાબદાર હોય છે. પરમાર્થને કાજે હેતું વિનાનું હેત કરતા, કરૂણાભીના હૈયે પોતાની શક્તિ - સમય અને સામર્થ્યનો ઉપયોગ કરી સમાજને બેઠો કરવા માગતાં આવા માણસો સમાજમાં સુખદ પરિવર્તન લાવતા આપણા રાહબર બન્યા છે.

## ૐ નમઃ

**પત્થર મારું તો કોઈનું જીવન બરબાદ થાય, રસ્તાનો પત્થર ઉપાડુ તો, કોઈનું જીવન બચી જાય...**

**પાણી ઢોળુ તો ખોટો વ્યય થાય, પરબ બંધાવું તો તરસ્યાની તરસ છીપાય....**

**અનાજનો બગાડ કરું તો મારા ઘરને અને દેશને નુકસાન થાય, પણ ભૂખ્યા ને જો જમાડું તો એના મનને શાતા મળે...**

**એક વિદ્યાર્થી વિદ્યા દાન માટે સહાય કરું તો, એક સારી વ્યક્તિ બની, પરિવારનું જતન કરી...**

**રસ્તામાં કે નહીં, નાળામાં કચરો નાખુ તો પાણીમાં ગંદકી થાય, સાફ સફાઈ વાળો રસ્તો રાખું તો માંદગી દૂર થાય...**

**ધનવાળાનું ધન, શિક્ષિતની બુદ્ધિ અને મજૂરીની પરિશ્રમ, આ ત્રણ જો એક થાય તો દેશમાં સાચી લોકશાહી કહેવાય...**

**કાદવમાં કમળ ખીલે ને ભગવાનના ચરણોમાં ચડે, તો એક ગરીબ ચા વાળો ભારત દેશનો પ્રધાન કેમ ન બને ?**

**એક નરેન્દ્ર નાથ જો એક મહાન સ્વામી વિવેકાનંદ બને, તો નરેન્દ્ર મોદી તો વડા પ્રધાન બની જ જાય ને ?**

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।।

# શ્રી પાટણ જૈન મંડળ

# LONAVALA PROJECT SCHEME



**(૧) મુખ્ય દાતાશ્રી — રૂા. ૬ કરોડ**

જેમાં પ્રોજેક્ટમાં મુખ્ય દાતાશ્રીનું નામ આવશે, સાથે ૩૬૫ દિવસ. Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.

**(૨) મુખ્ય આધાર સ્થંભ — રૂા. ૧ કરોડ**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે, સાથે ૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે તથા સાથે સગા-વ્હાલાને રહેવા આપી શકાશે.

**(૩) સહયોગી આધાર સ્થંભ — રૂા. ૫૦ લાખ**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે, સાથે ૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે સાથે સગા-વ્હાલાને રહેવા આપી શકાશે.

**(૪) એક રૂમના દાતાશ્રી — રૂા. ૧૫ લાખ**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**(૫) સાધુ ભગવંત અને સાધ્વીજી ભગવંતના ઉપાશ્રયો દરેકના — ૧.૨૫ કરોડ**

બન્ને રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે ને ૯૦ દિવસ Maintenance Cost થી રહેવા મળશે ને સગાં-વ્હાલાને પણ આપી શકાશે. પ્રત્યેક રૂમમાં બે લાભાર્થીના નામ આવશે. બીજા અન્ય લાભો જેવા નાના મોટા Malti Purpose હોલ, ભોજનાલય, બીગ સેન્ટર વેઈટીંગ એરીયા તથા અન્ય ફેસેલીટીઓના લાભાર્થી લેવાના છે. જેની વિગતવાર માહિતી પછીથી જણાવવામાં આવશે. ૫૦ લાખથી વધારે એમાઉન્ટના લાભાર્થીઓ / દાતાશ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.

**દાતાશ્રીઓને એમનું દાન બે વર્ષ હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.**

**જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.**

## નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા

| | | |
|---|---|---|
| શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ - | પ્રમુખ | : 9930891985 |
| શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - | પ્રથમ ઉપપ્રમુખ | : 9820048367 |
| શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) | ઉપપ્રમુખ | : 9322227209 |
| શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ | માનદમંત્રી | : 9869333716 |

# શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલયના દાતાશ્રીઓનો

## કરીએ સત્કાર        માનીએ આભાર



**૧ કરોડ ૮૧ લાખ રૂપિયાનું માતબર દાન આપનાર**

## મુખ્ય દાતા



# શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ પટેલ
# ભૂતપૂર્વ વિદ્યાર્થી (વડોદરા)



### કોમ્પ્યુટર લેબ

**RENAISSANCE FOUNDATION**

**હ. શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ પરિવાર**

**ફર્નીચર તથા એરકન્ડીશન : શ્રી ચીરાગભાઈ અશોકભાઈ પોપટલાલ શાહ**

### સ્વીમીંગ પુલ

શ્રી બી.ડી.એસ.વી. ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોશિયેશન

### જનરલ લેબ

શ્રીમતી જાસુદબેન લક્ષ્મીચંદ શાહ પરિવાર (USA)

### સિદ્ધહેમ જ્ઞાન લોબી

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાલાલ શાહ (માટલીવાલા) પરિવાર

વસુ ભારતી ઝવેરી ટ્રસ્ટ - શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી




(Dr.) શ્રી વિક્રમભાઈ વરજીવનદાસ શાહ (USA)

શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (USA)



### બાલવાટિકા વોલ એન્ડ ગાર્ડન

શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા) પરિવાર



### લાયબ્રેરી

શ્રી જિતેન્દ્રભાઈ કાંતિલાલ શાહ પરિવાર

### ડિજીટલ ક્લાસ રૂમ

- શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
- શ્રીમતી ઈંદિરાબેન સેવંતીલાલ શાહ (એસ.એમ.શાહ સાહેબ)
- શ્રીમતી કલાબેન તારાચંદ સંઘવી
- મે. પી. રોહિતકુમાર એન્ડ કું.
- શ્રી પ્રિયવદનભાઈ ખુબચંદભાઈ શાહ
- શ્રીમતી પરેશાબેન રાજેશભાઈ શાહ
- શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર શાહ (રાજુલાવાલા)



- શ્રીમતી ઈલાબેન જસવંતલાલ સેવંતીલાલ વોરા
- શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ
- શ્રી યોગેશભાઈ નેમચંદ શાહ
- શ્રી ભરતભાઈ કીર્તિલાલ શાહ ચુડઘર-પરિવાર
- શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ શાહ - શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ
- શ્રી મુકેશ નવીનચંદ્ર દલપતચંદ શાહ
- શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (શ્રી સંજયભાઈના સ્મરણાર્થે)

| | |
|---|---|
| પ્રિન્સીપલ રૂમ | : શ્રીમતી નિર્મળાબેન હીરાલાલ વરજીવનદાસ શાહ |
| કેન્ટીન | : શ્રીમતી કાંતાબેન નાનકચંદ મોતીચંદ શાહ |
| લિફ્ટ | : શ્રીમતી સુશીલાબેન રમણિકલાલ મહેતા |
| સ્ટાફ રૂમ | : શ્રીમતી જવનિકા મિતિન પટેલ |
| સંગીતરૂમ | : શ્રી વલ્લભભાઈ ધનજીભાઈ વગાસીયા |
| આર્ટ રૂમ | : શ્રીમતી પુષ્પાબેન હસમુખ ઉગરચંદ ગઢેચા |

### વોટર રૂમ

શ્રીમતી તૃપ્તિબેન રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ

શ્રીમતી કેતકીબેન પ્રજ્ઞેશભાઈ પ્રવિણચંદ્ર શાહ

શ્રી હર્ષિલ મિતુલ મહેન્દ્રભાઈ શાહ

શ્રી કેતનભાઈ હસમુખભાઈ શાહ

# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
# ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય ભવનના
# ઉદ્‌ઘાટન પ્રસંગે પધારવા निमंत्रणम्

invitation




## રવિવાર, તા.૯.૬.૨૦૨૪, સવારે ૮.૩૦ કલાકે

## દ્વિદિવસીય મંગલ કાર્યક્રમ

**જેઠ સુદ ૨, શનિવાર**
**તા.08.06.2024**

સવારે ૮.૩૦ : **પંચકલ્યાણક પૂજા**
સ્થળ : આદેશ્વર જીનાલય
બી કે સાલવી એજ્યુકેશન કેમ્પસ
મહિલા મંડળની બહેનો ભણાવશે...
ભવ્ય આંગીના દર્શનનો લાભ લેશો...

સવારે ૮.૩૦ : **માઁ સરસ્વતી પૂજન**
સ્થળ : શ્રી ટી.ડી. સ્માર્ટ વિદ્યાલય પરિસરમાં
સ્કૂલના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં
માઁ સરસ્વતી પૂજન...

સાંજે ૬.૦૦ : **મ્યુઝીકલ પ્રોગ્રામ–સાંસ્કૃતિક કાર્યક્રમ**
સ્કુલના બાળકો દ્વારા
સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત તથા
ડિસન્ટ ઓર્કેસ્ટ્રા દ્વારા મનોરંજન કાર્યક્રમ

મુખ્ય મહેમાન : શ્રી કીરિટભાઈ સી. પટેલ (MLA પાટણ)
અતિથિ વિશેષ : શ્રી અશોકભાઈ એન. ચૌધરી (DEO પાટણ)
શ્રી નરેન્દ્રસિંહ બળદેવસિંહ ચાવડા (DEO, Primary પાટણ)
શ્રીમતી હીરલબેન અજયકુમાર પરમાર (Mayor પાટણ)

**જેઠ સુદ ૩, રવિવાર**
**તા.09.06.2024**

સવારે ૯.૦૦ : શુભમુર્હૂતે
**શ્રી ટી.ડી. સ્માર્ટ વિદ્યાલયનું ઉદ્‌ઘાટન**
મુખ્ય મહેમાન દ્વારા નૂતન ભવનનું ઉદ્‌ઘાટન
સાથે-સાથે અન્ય દાતાશ્રીઓ દ્વારા
પોતાના શૈક્ષણિક યુનીટનું ઉદ્‌ઘાટન

સવારે ૯.૪૫ : **ઉદ્‌ઘાટન સમારોહ**
સભારંભ અધ્યક્ષ...
શ્રી દાનેશભાઈ વી. શાહ
(પ્રમુખ શ્રી પાટણ જૈન મંડળ)
અતિથી વિશેષ...
શ્રી અરવિંદ વિજયન, IAS
(કલેકટરશ્રી પાટણ)
શ્રી રજનીભાઈ પટેલ
(મહામંત્રી, ભાજપા-ગુજરાત પ્રદેશ, પૂર્વ ગૃહમંત્રી)
શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ
(મુખ્યદાતાશ્રી, ટી.ડી. સ્માર્ટ વિદ્યાલય)

વધુ માહિતી માટે સંપર્ક : રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ • ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

TITLE SPONSOR

KUSP by Kaamya
transforming emotions into Jewellery



Shree Patan Jain Mandal

# PATAN
## THROWBALL & VOLLEYBALL CHAMPIONSHIP 2024



CO - SPONSOR

K.SEVANTILAL & CO.
ESTD SINCE 1947

**SHREE PATAN JAIN MANDAL**

*Presents*

*Exciting news!*

The much-anticipated Patan Throwball Volleyball Championship, Season 1,

*Sponsored by*

**KUSP BY KAAMYA & is powered by K. SEVANTILAL & Co.**

**10 Male Volleyball Teams • 6 Female Throwball Teams**

**It's set to be an electrifying event.**

**Mark your Calendars for June 22nd, 23rd, 29th, and 30th, 2024**

**If you're eager to join as a team owner or individual player, don't miss the chance – fill out the registration form before May 24th.**

https://docs.google.com/forms/d/1Gq9mCbgzFVJpz8HYcnrWWnSjr7FiLrQ4g_duVnc2aE0/edit?pli=1

Let's make this championship a roaring success! # PJM Throwball Volleyball Championship

**PLEASE NOTE**

All players will go under the hammer, Get ready for the showdown as players step into the auction ring, where strategies clash and fortunes are decided with each bid. It's a thrilling battle of wits where every move counts, and only the shrewdest come out on top. Let the bidding war begin!

❐ **By sports committe**

Shree Patan Jain Mandal

**SHREE PATAN JAIN MANDAL**

# PATAN INDOOR OLYMPICS 2024

TITLE SPONSOR

THE ROYALEUM ATELIER

## BLOCK THE DATE'S.
## 6th, 7th, 13th & 14th July 2024
## Venue : NSCI, Worli

**Those are willing to be owner & sponsors for indoor Olympic games Please Contact :-**

Shri Vineshbhai A. Shah (Secretary) : 9322256255
Shri Yogeshbhai R. Shah (Secretary) : 9820045371
Shri Miteshbhai S. Shah (Secretary) : 9022068665

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતી આયોજિત

### શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)

સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરિત



**સુપ્રસિદ્ધ કલાકારોના કંઠે**
**જૂના તથા નવા ગીતોની રજૂઆત...**

# Musical Morning

**૧૬.૦૬.૨૦૨૪, રવિવાર, સવારે ૯.૪૫ થી..**
સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીનલાઈન્સ, મુંબઈ-૨૦.
(વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.)
બુફેટ લંચ : સુંદરાબાઈ હૉલ, ન્યુ મરીનલાઈન્સ

ડોનેશન પાસના દર 750 (ROW સાથે ફિક્સ સીટ)
500 તથા 300 (વહેલો તે પહેલોના ધોરણે બેસવાનું રહેશે.
દિનાંક 30.૫.૨૦૨૪ થી PJM મુંબઈ-ગોરેગાંવ-બોરીવલી ઓફિસ
તથા તમારા વિસ્તારના કાર્યકર્તાઓ પાસેથી મેળવી લેશો.

**સૌજન્ય દાતા..**

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)
શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો (સોમીરા ડાયમંડ)
શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ પરિવાર (ડંકમહેતાનો પાડો)

**YOU CAN COLLECT YR PASSES FROM**

*Marine drive : Shree Patan Jain Mandal - 9167902267*

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Nagdevi | : | Jyotendrabhai Jayantilal Shah | 9819793001 | Goregaon | : | Shree Patan Jain Mandal Office | 9076242381 |
| Vile Parla | : | Bhaviniben Janakbhai Shah | 9920064668 | Malad | : | Bhavikbhai Bhadreshbhai Shah | 7666676701 |
| Kandivali | : | Milanbhai Vipinchandra Shah | 9324370338 | Borivali | : | Shree Patan Jain Mandal Office | 9321361110 |
| Bhayander | : | Nileshbhai Kantilal Shah | 9321150160 | Vasai | : | Nileshbhai Rameshchandra Shah | 9820200523 |



## Shree Patan Jain Mandal
## Saurabh Medical Health Care
### (Goregaon)

## We Welcome Donors for the following Department

19. X-ray ... 1.25 Cr
20. Physiotherapy ... 1.25 Cr
21. Dental ... 1.00 Cr
22. ENT ... 1.00 Cr
23. Pediatric ... 1.00 Cr
24. Homeopathy ... 0.50 Cr
25. Ayurvedic ... 0.50 Cr

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah
Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi
Mo. 9820048367

| | Donors Name | Details | Cost Amt. |
|---|---|---|---|
| | **DR. REPORTING ROOM** | | |
| * | Smt. Bhanuben Sureshchandra Himatlal Shah<br>Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben | | 25 Lc |
| | **WAITING AREA** | | |
| * | Shri Shirishbhai Mafatlal Zaveri<br>Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar | | 25 Lc |
| | **RECEPTION ROOM** | | |
| * | Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | | 25 Lc |
| | **CONFERENCE ROOM** | | |
| * | Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara | | 25 Lc |
| | **OPG SECTION** | | |
| * | Smt. Pravinaben Mahendrabhai Sandesara<br>Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara | | 25 Lc |
| | **GASTROENTEROLOGY** | | |
| * | Shri. Jatinbhai Bhagwandas Shah<br>Haste: Smt. Ninaben Jatinbhai Shah | | 25 Lc |
| | **CHEST MEDICINE** | | |
| * | Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani | | 25 Lc |
| | **ALZHEIMER & DEMENTIA** | | |
| * | Smt. Kiranben Pravinbhai Shah (USA) | | 25 Lc |

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | Donors Name / Details | Cost Amt. |
|---|---|---|
| | **MAIN DONOR OF PROJECT** | |
| ✳ | Smt. Arunaben Babulal Chhotalal Shah | 5.25 Cr |
| | **CO. DONOR OF PROJECT** | |
| ✳ | Smt. Pannaben Kapoorchand Sonawala | 4.00 Cr |
| | **2000 Sq.Ft PROPERTY (Approx Rs. 5.50 Cr)** | |
| ✳ | Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah | |
| | **CARDIOLOGY DEPARTMENT** | |
| ✳ | Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri | 2.50 Cr |
| | **PATHOLOGY DEPARTMENT** | |
| ✳ | Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) | 1.50 Cr |
| | **SONOGRAPHY DEPARTMENT** | |
| ✳ | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | 1.25 Cr |
| | **DIALYSIS CENTRE** | |
| ✳ | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | 1.25 Cr |
| | **GENERAL SURGERY** | |
| ✳ | Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | 1.25 Cr |
| | **OPHTHALMOLOGY** | |
| ✳ | Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar | 1 Cr |
| | **ORTHOPEDIC CENTRE** | |
| ✳ | Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri | 50 Lc |
| | **GYNECOLOGY CENTRE** | |
| ✳ | Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah | 50 Lc |
| | **SADHU BHAGWANT ROOM** | |
| ✳ | Smt. Neelaben Ashokbhai Popatlal Shah | 50 Lc |
| | **SADHVIJI BHAGWANT ROOM** | |
| ✳ | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | 50 Lc |
| | **MAMMOGRAPHY** | |
| ✳ | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | 50 Lc |
| | **GENERAL CONSULTING** | |
| ✳ | Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar | 50 Lc |
| | **INTERNAL MEDICINE** | |
| ✳ | Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust<br>Babu Nanakchand Poonamchandji Trust | 50 Lc |
| | **DIABETIC** | |
| ✳ | Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah | 50 Lc |
| | **DERMATOLOGY** | |
| ✳ | Shri Narendrabhai Kantilal Khandwala (USA) | 50 Lc |

# ‘એ’ ના ઈશારે બધું બને છે.

આપણે ઘડેલા નિયમ પ્રમાણે કશું ચાલતું નથી. તમે કે હું જે કંઈ કરી શકીએ છીએ. જે કંઈ પામી શકીએ છીએ. એમાં કોઈક છે. સૂરજ એના સમયે પ્રકાશી જાય છે. વાદળ એના સમયે વરસી જાય છે. નદી એના સમયે વહી જાય છે. પંખી એના સમયે ટહુકી જાય છે. આ બધું ગોઠવાયેલું ભલે લાગે પણ ‘એ’નો ઈશારો એમાં ભળેલો છે. મારી અનંત શ્રદ્ધા છે. ‘એ’ જ બધું કરે છે. આપણી કોઈ શક્તિ નથી. આપણી કોઈ હેસિયત નથી ને આપણી કોઈ લાયકાત નથી.

આપણા કરતાં આપણો અહંકાર એમ થાય છે કે ‘આ મેં કર્યું’ પ્રશ્ન તો એ જાગે કે આપણે શું કર્યું ? થોડું દાન આપ્યું. કોઈકને સહારો આપ્યો, કોઈ ગરીબ-ગુરબાને સાચવી લીધા. કોઈ બે-ચાર સેવાના કામ કરી લીધા કે કોઈ ધર્મના કાર્યો કર્યા એમાં કોલર ઊંચા કરીને ફરવાનું ? હૃદયને એક વાત કહી રાખજો કે તું તો નિમિત્ત માત્ર છે. તારા સાથે પણ ‘એ’ બેઠો છે. ને એના ઈશારે આ બધુ બને છે. મોટા ભાગે આપણે પ્રસિદ્ધિ ભૂખ્યા છીએ, પ્રશંસા ભૂખ્યા છીએ. મોટું મંદિર નિર્માણ પામ્યું હોય ને એમાં તમે માત્ર એક ઈંટ જેટલો જ ફાળો આપ્યો હોય તોય જાણતા - અજાણતા એક વાર બોલાઈ જશેઃ ‘આ અમે બાંધ્યું’ કોઈપણ કાર્ય કર્યાનો આનંદ હોવો જોઈએ. અભિમાન નહીં.

એક સાધુની તમને વાત કરું. નિરભિમાનિતાના શિખર ઉપર એ રાજ્ય કરે. એમના હાથે જનહિતના અનેક કાર્યો થયા છે. પાયાના પત્થરથી માંડીને શિખર સુધીના દરેક કાર્યમાં એમની અભૂતપૂર્વ મહેનત હોય ને જાહેરમાં ક્યારેય એ આગળની હરોળમાં ન હોય. આ સમર્પણ છે, ત્યાગ છે. સંસાર છોડવો સહેલો છે. ક્રેડિટ છોડવી અઘરી છે. ને એનાથી અઘરી વાત તો એ છે કે કામ પોતે કરવું ને ક્રેડિટ બીજાને આપવી. એક બીજા સાધુની પણ તમને વાત કરું. બહું આયામી વ્યક્તિત્વ ધરાવનારા એ સાધુ. પ્રતિભાવંત સાધુ. એમનું રચના કૌશલ્ય ખૂબ સારું. કોઈપણ રચના કરે ત્યારબાદ થોડા સમયમાં એ કીર્તન ખ્યાતિ પામે. પણ ક્યાંય એમનું નામ ન હોય. ક્યારેક તો ખૂબ અંગત ને નજીકના લોકોને પણ ખ્યાલ ન આવે કે આ રચના કોની હશે ?

વર્તમાનમાં દરેક કલાકાર - કસબી ક્રેડિટ માટે હવાતિયા મારતો હોય, ઝૂરતો હોય, તરસતો હોય ત્યારે કોઈક ખૂણે બેસીને આપણા સાધુજનો ગુપ્ત સાધના કરી લેતા હોય છે. નિષ્ઠાપૂર્વક કામ કરનારા કલાકારો હોય છે પણ સમર્પણ કરનારા સાવ થોડા હોય છે. મેં આ સાધુને જોયા છે. દિવસો કે મહિનાઓ નહીં. વરસો હોમી દીધા હોય ને તે છતાં એ ઓઝલમાં રહેતા હોય, પડદામાં રહેતા હોય. આવા સાધુજનોને કામ મહત્વનું હોય છે. કોણ કરે છે એ મહત્વનું નથી હોતું.

તમારું કે મારું અસ્તિત્વ પચીસ-પચાસ કે સો વર્ષનું છે પણ તમારા મારા થકી થયેલા સર્જનો ચિરંજીવ રહેવાના છે. લોકો-દુનિયા આપણને ભૂલી જશે પણ આપણા થકી થયેલા યશસ્વી કાર્યોને કદી નહીં ભૂલે.

એક વૃદ્ધની તમને વાત કરું. એ વૃક્ષારોપણ કરતાં હતા. રાજાની સવારી ત્યાંથી નીકળી રાજાએ પૂજ્યું : બાબા ! શું કરો છો ?

બાબાએ કહ્યું : આંબો રોપું છું.

રાજાએ કહ્યુંઃ ‘બાબા ! તમે તો ખાસ્સા વૃદ્ધ છો. આ આંબો ક્યારે મોટો થશે ને તમને ક્યારે કેરી આપશે ?

વૃદ્ધે કહ્યુંઃ ઘણા વર્ષો જશે પછી આંબો કેરી આપશે.

રાજાએ કહ્યુંઃ ‘પણ, ત્યાં સુધી તો તમે’

હશો નહીં એમ જ ને ! રાજાના અધૂરા વાક્યે જ વૃદ્ધે કહ્યું,

રાજાએ કહ્યુંઃ ‘જેના ફળ તમે ખાઈ તો નથી જ શકવાના પણ, જોઈ શકવાના પણ નથી તો આટલો શ્રમ કેમ લો છો ?

વૃદ્ધે સરસ જવાબ આપ્યોઃ રાજન ! આ હું મારા માટે નથી વાવતો, પણ જતાં જતાં કોઈક સારું કામ તો કરતો જાઉ ને !

વૃદ્ધની વાત સાંભળી રાજાએ કહ્યુંઃ ધન્યવાદ છે તમને ! લો, મારા તરફથી આ સુવર્ણમુદ્રા રાખો.

વાત આટલી જ છે. જેમાં તમે ક્યાંય આગળ નથી હોતા તો પણ એની નોંધ દુનિયા લે છે. તમે જાતે જ તમારું નામ કરવા, ક્રેડિટ મેળવવા ઝંખતા હશો તો નહીં મળે ને મળશે તો એનું આયુષ્ય અલ્પ હશે. આપણા જીવતા જીવતા આપણો પ્રભાવ ઓછો થઈ જવાનો છે, કાળની ગર્તામાં કોઈ એવી જગ્યાએ જઈને પડીશું કે કોઈને દેખાશું નહીં. સ્ક્રીન પર કૂદકા મારતા નાચતા ને લોકોને મનોરંજન પૂરું પાડતા સેકડો કલાકારો આજે ક્યાં છે એની નોંધ પણ નથી. વ્યક્તિ જ્યારે શરીરથી ઘસાય છે, રૂપથી હીણી થાય છે ત્યારે ને કોઈક નવા-સારા ને પ્રભાવશાળી એક્ટરના પગલા થાય છે ત્યારે એ ખૂણામાં સબડતી હોય છે. આખી જિંદગી યશ માટે, માન માટે, પ્રતિભા માટે, ક્રેડિટ માટે દોડધામ કરી હોય ને ખૂબ માન-સન્માન મેળવ્યા પણ હોય અને અચાનક બધું જ બંધ થઈ જાય ત્યારે એ જિંદગી સહન કરી નથી શકતા. વારંવાર પ્રશંસિત થનારાને અચાનક એકલખૂણે ધકેલાઈ જવું પડે છે ત્યારે એમની પીડા ભારે હોય છે ને અકથ્ય હોય છે. આ જગતમાં ક્યાંય કશો ગર્વ કરવા જેવો નથી. આપણી રોજની એક પ્રાર્થના હોવી જોઈએ કે તારુ ધાર્યું બધું થાય છે આપણે કશું કર્યું નથી ને કશું કરી શકીએ છીએ તો એમાં માત્ર ભગવાનની જ કૃપા છે.

હું સફળ થાઉં તો એમાં તારી કૃપા છે
તારા આશિષ પ્રગટ છે. છતાંએ છુપા.

આપણે નિમિત્ત બનતા રહીશું ને એ આપણા હાથે શકવર્તી કાર્યો કરાવતો રહેશે. એ મારી શ્રદ્ધા કાયમ રહેજો.

# Artificial intelligence




મારા પ્યારા વાચક મિત્રો આપ સૌના હસ્તકમળમાં એક તદ્દન નવા અને તાજેતરમાં ચર્ચામાં રહેલ **Artificial intelligence**નો લેખ મુકતા મને આનંદ થાય છે. આશા છે કે, આપ સૌને જરૂરથી નવી દિશા જાણવા મળશે.

સૃષ્ટિના સર્જનહારે સર્જેલા સકળ વિશ્વમાં જુદા જુદા ચોર્યાસી લાખ યોનિઓમાં જીવ જન્મ લે છે અને આયુષ્ય અનુસાર વિરમી જાય છે. દરેક જીવોમાં શ્રેષ્ઠ એકલા માનવને ગણવામાં આવે છે, જેની બુદ્ધિ પ્રતિભાને તોલે કોઈ ના આવે. આ બુદ્ધિના પરિણામ સ્વરૂપ જ માનવ જે ઝંખે તે મેળવવામાં સફળ થાય છે. તેની બુદ્ધિના કારણે જ આપણે ત્રણ ચાર દાયકા પહેલાં કદી કલ્પના પણ કરી ના હોય તેવા સાધનો આજે સહજતાથી ઉપલબ્ધ છે જેમ કે ટેલીવિઝન તેમજ મોબાઈલ, લેપટોપ, સ્વયં સંચાલિત વાહનો, સ્માર્ટ ઘડિયાળ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો જે સતત આપણા વપરાશમાં આવતા મનોરંજન સાથે શૈક્ષણિક સાધનો છે.

આ દરેકની પાછળ છેલ્લા એકાદ વર્ષથી ચર્ચામાં આવેલ **AI (Artificial intelligence)** શબ્દોનો મહિમાં છે. સરળ ભાષામાં તેને કુત્રિમ બુદ્ધિ કહી શકાય છે.

આ કુત્રિમ બુદ્ધિના પ્રભાવે આપણી ધારણાથી અનેકગણું વધુ સફળ પરિણામ મેળવી શકાય છે તેનું એક ઉદાહરણ એટલે વિશ્વભરની વેધશાળાઓ આજે ગમે તેવા ભયંકર તુફાન, વાવાઝોડા, વરસાદ, ભુકંપના સચોટ વરતારા કરી શકે છે, જાનમાલની નુકસાની થતાં બચાવવામાં સહાયક થાય છે. તેજ રીતે અચાનક થયેલા હવાઈ હુમલામાં હાથ ઉપર હાથ ધરીને બેસી ના રહેતાં ક્ષણભરમાં હજારો કિલોમીટર દૂર સુધી ધાર્યું નિશાન સાધી દુશ્મનને વળતો જવાબ આપી સ્વરક્ષણ કરી શકાય છે. ગુગલ જેવા માધ્યમથી અનેકવિધ પેચીદા સવાલોના સમાધાન મેળવી શકાય છે તો દવા, ઈન્જેક્શન, વેક્સીન, ખાદ્ય પદાર્થો કે અન્ય વપરાશની વસ્તુના સારા માઠાં પરિણામની સમજ, એક સ્થળે થી બીજા સ્થેળે જવા આવવા ઉપયોગી રસ્તાની માહિતી જેવી તો કેટલીય વાતો વિશે જાણકારી મેળવી શકાય છે.

સાહિત્ય ક્ષેત્રે તમે એક વિષય આપો તો આખો નિબંધ તૈયાર કરી આપવા સહાયક થાય છે. તો બીજી તરફ કોઈપણ ભાષાનું પુસ્તક કે અખબારમાં છપાયેલા લખાણ તે એક ઉપકરણની સામેથી પસાર કરવામાં આવે તો જાતે તેનું વાંચન કરી બોલતું જાય છે અને ભાષાંતર કરતું જાય છે.

અરે બીજું સઘળું તો સમજ્યા પણ પ્રયોગશાળામાં બેઠા બેઠા **''ચંદ્રયાન'' કે ''એસ.એલ.વી.''** જેવા માનવ રહિત અવકાશયાનનું સંચાલન કરી અન્ય ઉપગ્રહો ઉપર જીવ સૃષ્ટિ વિશે સંશોધન કરવામાં સફળતા મેળવી શકાય છે.

તબીબી ક્ષેત્રે શરીરમાં રહેલી કેન્સર કે અન્ય દર્દોની સુક્ષ્મમાં સુક્ષ્મ માહિતી વિશ્લેષણ સાથે મેળવી શકાય છે, અને વિવિધ સારવારમાં **Artificial intelligence** ખુબ જ ઉપયોગી થાય છે.

પ્રત્યેક સિક્કાની બે બાજુની જેમ **AI** ફાયદો અને નુકશાન બન્ને જોવા મળે છે. નુકશાનની વાત લઈએ તો ખતરનાક શસ્ત્ર ઉત્પાદન માટે તેનો ઉપયોગ વિનાશક પરિણામ તરફ દોરી શકે છે. સ્વયં સંચાલિત યંત્રને પરિણામ સ્વરૂપ કામદારોની જરૂરિયાત ઘટે છે અને તે બેરોજગારી તરફ આગળ વધી શકે છે.

ડ્રોન કે આત્યાધુનિક સી.સી.ટીવી કેમેરાથી કોઈપણ સ્થળે, કોઈની ઉપર જાપ્તો રાખવાનું કામ સચોટ બનતા નાગરિક સ્વતંત્રતા અને ગોપનીયતા જોખમાય છે. સાઈબર ક્રાઈમના કિસ્સાઓ બેફામ રીતે વધી ગયા છે જેની સીધી અસર આપણને જાનમાલની નુકસાની વેઠવી પડે છે અને ગુનેગારો સુધી પહોંચી શકવું મુશ્કેલ બની જાય છે. બીજું બધું તો સમજી શકાય પણ માણસનો સ્વર એક વખત રેકોર્ડ કરી લીધા બાદ એ રેકોર્ડ કરેલ સ્વરને ગમે તે વાક્યો કે શબ્દોમાં ફેરફાર કે સુધારા વધારા કરી નિર્દોષ વ્યક્તિને પણ ગુનેગાર તરીકે સાબિત કરી શકાય છે. જેનું તાજેતરમાં જ માનનીય શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના વક્તવ્યમાં ઉદાહરણ ટાંક્યું છે.

કૃત્રિમ બુદ્ધિ **AI** ના ઉપયોગને આજે ભલે એક ક્રાંતિકારી ટેક્નોલોજી તરીકે લોકોએ સ્વીકારી છે પણ ''પાઘડીનો વળ છેડે'' તેમ યેનકેન પ્રકારે આ બધામાં અલિપ્ત રહેવા છતાંય મનુષ્યની બુદ્ધિ જ તેનું સંચાલન કરે છે તેમાં કોઈ બે મત નથી. કારણ જો માનવી આ સઘળો ડેટા સુપર પાવર ઉપકરણોમાં ફીડ કરે તો જ તેનો ઉપયોગ સ્વયં સંચાલિત બની શકે છે અન્યથા તે ઉપકરણ એક નિર્જીવ વસ્તુ જ બની રહે.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે Artificial intelligence રૂપાળા મહોરા પહેરાવી દેવાથી મનુષ્ય બુદ્ધિનું માપ ઓછું તો ના જ આંકી શકાય.

❐ **જ્ઞાનેશ જયચંદ લાપસિયા**

# તમારી હયાતી બીજાને માટે આનંદનો વિષય છે ખરો ?

વર્તમાન સંસ્કૃતિ વધુ ને વધુ સ્વકેન્દ્ર, સ્વાર્થકેન્દ્ર અને સુબકેન્દ્ર બની રહી છે. માણસ એના નાનકડા, વિભક્ત કુટુંબમાં હવે પોતાના સુખનો વિચાર વિશેષ કરે છે એ પછી માતા-પિતાકે ભાઈબહેનના સુખનો વિચાર આવે છે. કુટુંબસુખની વાત દૂર થતી જાય છે. સ્વાર્થની રકમો માંડીને એ સ્વસુખનો સરવાળો કરે છે.

ઈન્ફિનિટી મોલના એક સ્ટોર્સમાં લગભગ બાવીસ - ત્રેવીસ વર્ષની શ્રીમંત ઘરની દીકરી પિત્ઝા હાઉસમાં પિત્ઝા લેવા આવી. પર્સમાંથી પાંચસો રૂપિયા અને બાકીના બેલેન્સ રૂપિયા લઈને પોતાના પર્સમાં પાછા મૂક્યા પછી બીજું પર્સ કાઢ્યું અને તેમાંથી બીજા પાંચસો રૂપિયા આપીને બે પિત્ઝા લીધા. બાકીની બેલેન્સમાંથી એક કોફી કપ લીધો.

તે સમયે મને કંઈક આશ્ચર્ય થયું. મે તે દીકરીને પૂછ્યું કે આ બે પર્સમાંથી અલગ-અલગ હિસાબ કેમ કર્યો ? શું તારી બાજુમાં રહેતા કોઈ પાડોશીનો ઓર્ડર હતો. તે દીકરી બોલી ના આન્ટી આ પિત્ઝા અને કોફી મારા મમ્મી - પપ્પાના માટે છે. તેઓએ મને તેમના રૂપિયા આપ્યા હતા અને મારી ઈન્કમમાંથી મેં મારા માટે પિત્ઝા લીધો છે.

આ વાત મને કંઈક પસંદ પડી નહી. કમાતી દીકરી પોતાના માતા-પિતા માટે એક પિત્ઝા ને કોફીનો ખર્ચ કરી ના શકે ? પશ્ચિમના દેશોની અસર અહીંના સંતાનોમાં પણ આવી.

વર્તમાનમાં ભલે પરિવારો મોટા ટાવરોમાં રહેતા હોય, પરંતુ પરિવારજનો સાથે રહેતા માણસનું મન તો વધુ ને વધુ નાનુ સંકુચિત અને સ્વાર્થી બની ગયું છે આ સ્વાર્થવૃત્તિ માત્ર એના પરિવાર સુધી જ મર્યાદિત રહી નથી, પરંતુ એના જીવનવ્યવહાર કે બિઝનેસમાં પણ પ્રતિબિંબત થઈ છે તેથી માણસ સ્વકેન્દ્રો અને સુખકેન્દ્રો પણ બની રહ્યો છે.

એ સાચુ છે કે વ્યક્તિને એની આજીવિકા માટે સંપત્તિની જરૂર છે પરંતુ એનું કામ સંપત્તિ કદાચ ઓછી હોય તો પણ ચાલી તો શકે છે. પરંતુ માણસનો લોભ અને તૃષ્ણા તેને દોડાવે છે અને હંફાવે છે તેથી માણસમાં પરિગ્રહ કરવાની વૃત્તિ જાગે છે. જેની પાસે ફ્લેટ છે તેને બંગલો જોઈએ છે. બંગલો હોય તો તેને સમુદ્રના કિનારે આલીશાન વૈભવી બંગલો જોઈએ છે આ બેચેની સતત પીડા આપે છે માણસના ક્રોધને તો ઓળખી શકાય છે કેમ કે એ દેખાય છે પરંતુ લોભ અને લાલચનો માણસના મનમાં ગુપ્ત રીતે પોતાનું કામ કરે છે.

જો તમે એમ માનતા હોવ કે તમારી હયાતી બીજાને માટે આનંદનો વિષય બને તો સૌ પ્રથમ લોભ-લાલચને તિલાંજલી આપીને હંમેશા બીજાને મદદ કરતાં શીખવું જોઈએ માત્ર કોઈ ગરીબને દાન આપવાથી લોભ પર નિયંત્રણ નહીં આવે પરંતુ સાચા માનથી સાચા હૃદયના ભાવથી પરમાર્થના કામ કરવા જોઈએ. કારણ કે ત્યારેજ વ્યક્તિ સ્વના સંકુચિત દાયરામાંથી બહાર આવશે. અન્યનો વિચાર, અન્યની પીડાનો વિચાર આવશે તો જ એને સહાયક બનવાનું મન થશે. લોભ ઓછો થતો જશે અને વ્યક્તિ જીવનમાં પરમાર્થના કામ કરવા આગળ વધશે.

દાન લેનારના મુખ પરનો આનંદ જોઈને પોતે પણ આનંદિત થશે આ રીતે એ પોતાની સંપત્તિનું સુયોગ્ય દાન કરીને બીજાના હૃદયમાં સ્થાન મેળવી શકશે એ સાચી હકીકત છે કે મરણપથારીએ કોઈ બેન્ક-બેલેન્સ પૂછતું નથી જીવનની અંતિમ અવસ્થામાં કોઈ વ્યક્તિ પોતાની બેન્કની પાસબુક પાસે રાખતી નથી ધનપ્રપાપ્તિ એક પુરુષાર્થ છે તો ધનનો સદ્‌વ્યય કરવો એ મહાપુરુષાર્થ છે. અંતિમ સમયે માનવીએ બેન્ક ડિપોઝિટનો નહીં, પરંતુ આ ધરતી પરના સત્કાર્યોની ડિપોઝિટ સાથે લઈને જવાની છે એની E D બનાવવાની છે. આ સંતોષ અને તેના દ્વારા મળતી પ્રસન્નતા એ જ બીજાઓ માટે આનંદનો વિષય બની રહેશે. આપણી ગેરહાજરીથી બીજા દુ:ખ પામે તેમ થવું જોઈએ.

# ક્ષણનો સાક્ષાત્કાર

પ્રત્યેક વ્યક્તિ પોતાના સ્વ-જીવનનો આર્કિટેક્ટ હોય છે. કાગળ પર કે લેપટોપમાં પોતાના સ્વપ્નો અને પોતાની યોજનાઓ વિશે વિચારીને નોંધ કરતો હોય છે. જીવનમાં કોને સ્વપ્નો ન હોય ? પ્રગતિશીલ વ્યક્તિ સતત નવા વિચારો અને નવું આયોજન કરતો હોય છે, તો બીજી બાજુ પ્રગતિવિરોધી પણ પોતાના સ્વપ્નો ધરાવતો હોય છે. દૂર્યોધન પાસે પણ કેટલી બધી યોજનાઓ હતી! પાંડવોને સહેજે નિરાંત ન મળે, માટે કેટલાં ષડયંત્રો રચતો હતો. આળસુ કે પ્રમાદી વ્યક્તિ આવતી કાલને જોતી નથી અને તેથી એને આવી કોઈ યોજનાની જરૂર પડતી નથી. જ્યારે ક્રોધી કે કામી વ્યક્તિ એકાએક પોતાની દુવૃત્તિનું પ્રગટીકરણ કરે છે એટલે કે આકસ્મિકતા એ જ એની વૃત્તિ સંતોષવાનો માર્ગ હોય છે.

વ્યક્તિ જ્યારે સ્વજીવનનો સાચોસાચ વ્યસ્થપતિ બને, ત્યારે પોતાની શક્તિના સંપૂર્ણ વિકાસનો વિચાર કરે છે. એની યોજના સ્ફૂર્તિ, તાજગી અને પોઝિટિવ વિચારોથી પરિપ્લાવિત હોય છે. એક પળને પણ એ વ્યર્થ વેડફી દેવા ચાહતો નથી. આવા જીવનના આર્કિટેક્ટ જ પોતાની રચના કે યોજનામાં સફળ થાય છે. એને કાગળ પર, મોબાઈલમાં કે લેપટોપમાં જ્યાં પણ નોંધી હોય, ત્યાં એ એની યોજનાની રૂપરેખા લખે છે અને એને યોગ્ય કાર્યપદ્ધતિ અમલમાં મૂકે છે. આ કાર્ય મુશ્કેલ હોવા છતાં આવી વ્યક્તિ પોતાની પ્રતિબદ્ધતામાં ચૂક આવવા દેતો નથી દ્રઢ નિશ્ચયથી એ પોતાની ભાવિજીવન વિશેની યોજનાને આકાર આપવા કટિબદ્ધ હોય છે.

આનો અર્થ એ કે તમારે તમારા સ્વપ્નની એક ઈમારત ચણવી જોઈએ. એને સાર્થક કરવા માટે જેમ સ્થપિત બારી-બારણા, અગાસી કે ગેલેરીનો વિચાર કરે છે તે જ રીતે યોજના ઘડતી વખતે એનું સંપૂર્ણ આયોજન કરવું પડે. આવો આર્કિટેક્ટ જ જીવનમાં સફળતા પામતો હોય છે.

# મહાભારત આપણી અંદર જ છુપાયેલું છે

મહાભારતના યુદ્ધ પછી શ્રીકૃષ્ણએ દ્રૌપદીને જે સમજાવ્યું તે આપણે દરેકે સમજવાની જરૂર છે, જાણો દુઃખનું કારણ ૧૮ દિવસના યુદ્ધે દ્રૌપદીની ઉંમરને ૮૦ વર્ષ જેવી કરી દીધી હતી... શારીરિક રૂપથી પણ અને માનસિક રૂપથી પણ.

નગરમાં દરેક જગ્યાએ વિધવાઓ જ હતી. પુરુષો માત્ર થોડા જ વધ્યા હતા.

અનાથ બાળકો આજુબાજુ ફરતા દેખાઈ રહ્યા હતા અને તે બધાની મહારાણી દ્રૌપદી હસ્તિનાપુરના મહેલમાં અચેત થઈને બેઠી હતી અને શૂન્યતા તરફ જોઈ રહી. એટલામાં જ શ્રીકૃષ્ણ ઓરડામાં પ્રવેશે છે. દ્રૌપદી શ્રીકૃષ્ણને જુએ છે અને દોડીને તેમને ભેટી પડે છે. શ્રીકૃષ્ણ તેના માથા પર હાથ મુકે છે અને તેને રડવા દે છે. થોડીવાર પછી તે તેણીને પોતાનાથી અલગ કરે છે અને તેને બાજુના પલંગ પર બેસાડે છે.

દ્રૌપદી : ''આ શું થઈ ગયું સખા ? આવું તો મેં વિચાર્યું નહોતું.''

શ્રીકૃષ્ણ : ''નિયતિ બહુ ક્રુર હોય છે પાંચાલી... તે આપણા વિચારો પ્રમાણે ચાલતી નથી. તે આપણા કર્મોને પરિણામોમાં રૂપાંતરિત કરે છે.''

તું વેર લેવા માંગતી હતી અને તું સફળ થઈ, દ્રૌપદી ! તારું વેર પૂરું થયું... માત્ર દૂર્યોધન અને દુશાસન જ નહીં, બધા કૌરવો સમાપ્ત થઈ ગયા, તારે તો ખુશ થવું જોઈએ !

દ્રૌપદી : ''સખા, તમે મારા ઘા સાજા કરવા આવ્યા છો કે તેના પર મીઠું છાંટવા ?''

શ્રીકૃષ્ણ : ''ના, દ્રૌપદી, હું તને વાસ્તવિકતાથી વાકેફ કરવા આવ્યો છું. આપણે આપણા કર્મોનું પરિણામ દૂર સુધી જોઈ શકતા નથી અને જ્યારે તે આપણી સામે હોય છે તો આપણા હાથમાં કશું રહેતું નથી.''

દ્રૌપદી : ''તો શું, યુદ્ધ માટે હું જ સંપૂર્ણપણે જવાબાર છું શ્રીકૃષ્ણ ?''

શ્રીકૃષ્ણ : ''ના, દ્રૌપદી તું પોતાને એટલી મહત્વપૂર્ણ ના સમજ.''

પરંતુ, જો તું તારા કર્મોમાં થોડી દૂરદર્શિતા રાખતી, તો તને આટલું કષ્ટ ન મળ્યું હોત.

દ્રૌપદી : ''હું શું કરી શકતી હતી શ્રીકૃષ્ણ ?''

શ્રીકૃષ્ણ : ''તું ઘણું બધું કરી શકતી હતી. જ્યારે તારો સ્વયંવર થયો ત્યારે તે કર્ણને અપમાનિત ન કર્યો હોત અને તેને સ્પર્ધામાં ભાગ લેવાની તક ન આપી હોત.  તો, કદાચ આજે પરિણામ કંઈક અલગ હોત !''

એ પછી જ્યારે કુંતીએ તને પાંચ પતિઓની પત્ની બનવાનો આદેશ આપ્યો, ત્યારે તે તેનો સ્વીકાર કર્યો ન હતો, તો પણ પરિણામ કંઈક અલગ હોત. અને તે પછી તે પોતાના મહેલમાં દુર્યોધનનું અપમાન કર્યું... કે આંધળાના પુત્ર આંધળા હોય છે જો આવું ન કહ્યું હોત, તો તારું ચીર હરણ ન થયું હોત, તો પણ કદાચ, સંજોગો અલગ હોત.

''આપણા શબ્દો જ પણ આપણા કર્મ હોય છે'' દ્રૌપદી.

અને, આપણે બોલતા પહેલા આપણા દરેક શબ્દને તોલવા ખૂબ જ જરૂરી હોય છે, નહીં તો તેના ખરાબ પરિણામો માત્ર આપણને જ નહીં, પરંતુ આપણી આસપાસના આખા વાતાવરણને દુઃખી કરે છે.

દુનિયામાં મનુષ્યજ એક માત્ર એવું પ્રાણી છે કે જેનું ''ઝેર'' તેના ''દાત''માં નથી ''શબ્દો''માં હોય છે. તેથી સમજદારીપૂર્વક શબ્દોનો ઉપયોગ કરો. કોઈની લાગણીઓને ઠેસ ન પહોંચે તેવા શબ્દનો ઉપયોગ કરો. કારણ કે મહાભારત આપણી અંદર જ છૂપાયેલું છે.

❒ **સંકલનઃ દાનેશ વી. શાહ**



# INTERNAL SILENCE IS GOD'S THRONE

The meaning of words is limited, but the meaning of silence is infinite. There is silence before the words and there is silence after. However, if silence is expressive, its value decreases. If silence is accompanied by wisdom, its beauty is ennhanced. When words fail to convey our message, silence can often succeed and help us. The impact of silence can be more powerful than words. Let us observe ourselves. Many times, we regret can be long. It is rare that we feel that speaking would have been better.

Speaking requires intelligence, and the same is true for silence. When you speak, you must be conscious of what to say, when to say it, where to say it, and how much to say. However, silence requires nothing but wisdom.

People consider those who Speak little are more reliable and trustworthy than those who are talkative. Silence itself is effective and impressive. On the contrary, words require silence to be meaningful. silence is self - illuminating and self-sufficient. It saves and treasures your energy. Of course, both words and silence are important in their own ways. To be strong, one needs to develop the silence of words. The next step is the silence of thoughts. Keep gaps (silence) between one thought and the next. This will enlighten you. Such silence of thoughts allows you to enrich your supremacy. Let us welcome the best with silence!

## સંસ્થા સમાચાર

### ''દિશા'' મનો દિવ્યાંગ કાર્યશાળા (પાટણ)

લગભગ કાર્યશાળા ચાલુ થઈ ૧૫ વર્ષ થવા આવ્યા છે. બાળકોની પ્રગતિ જોઈને ઘણો આનંદ થાય છે. આ સંસ્થા માટે આપણને બાબુ અમીચંદ પન્નાલાલ ટ્રસ્ટનો જે સૌથી મોટો સહકાર મળ્યો છે તે ખરેખર બિરદાવા યોગ્ય છે. ડોનેશન રૂપે તો જે સહકાર મળે જ છે. પણ આપણી બનાવેલી ધૂપ હંમેશા તેમના દેરાસરમાં વપરાય છે. આ રીતે બાળકોને કામ મળે છે. વસ્તુઓ બનાવવાની સહેલી છે પણ વેચાણ અઘરુ છે. દરેકને વિનંતી કરું છું કે આપ અમારી બનાવેલી વસ્તુઓ વાપરો અને તેમને પગ ભર થવા માટે મદદ કરો.

શ્રીકાંતભાઈ કિર્તીભાઈ (કનાસાના પાડાના) કેટલા વર્ષોથી બપોરનું દૂધ અને ફાળો, નાસ્તો તેના તેમના તરફથી બાળકોને અપાય છે. આપનો ખૂબ ખૂબ આભાર. છેલ્લા બે -ત્રણ વર્ષથી શ્રી પ્રદીપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) દર બેસતા મહિને ભોજનશાળામાં દિશાના બાળકોને જમવાનું આમંત્રણ હોય છે આપનો પણ ખુબ ખુબ આભાર.

ઘણા બધા દેરાસરમાં તેમની ધજા વખતે આપણા બાળકો બેન્ડ વગાડે છે તે ખરેખર ઉલ્લેખનીય છે. નાની નાની વસ્તુઓ પણ તેમના માટે કેટલી ઉપકારક છે. આપ સર્વેના સહયોગ બદલ ખુબ ખુબ આભાર.


શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

મેળવો ત્રણ ત્રણ લાભ

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ * મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

# અભિનંદન



મણિયાતી પાડાના હાલ ઈર્લા (વિલેપાર્લા)ના રહેવાસી શ્રીમતી ભુમિકાબેન શેતલભાઈ શાહના ૨૨ વર્ષના સુપુત્ર **ચિ. ભવ્યકુમાર શાહ,** એન્જિનિયરીંગ (ડી.જે. સંઘવી કોલેજ) પ્રવચનકાર આ.ભ. ઉદય વલ્લભ સૂરિજીની નિશ્રામાં સિદ્ધવડ (પાલીતાણા) મહાતીર્થ થયેલ મહામંગળકારી ઉપધાનતપમાં ૪૮ દિવસમાં સતત ૨૭ ઉપવાસ અને કુલ ૩૮ ઉપવાસ કરીને મહા સુદ ૬, તા. ૧૫-૦૨-૨૦૨૪ ગુરુવારના રોજ ઉછળતા ઉમંગે માળ પરિધાન કરી છે. તપસ્વીરત્નની અંતરથી અનુમોદના.





---

રવિવાર તા. ૦૫ મે, ૨૦૨૪ના રોજ હિન્દુ ટેમ્પલ સોસાયટી ઓડિટોરિયમ (ન્યુયોર્ક-યુ.એસ.એ) ખાતે બપોરના ૧ વાગે માનનીય શ્રી ચંદ્રકાંતભાઈ મુલચંદ શાહ, મુળ વતન પાટણ પોળની શેરી, (ઉં. વ. ૯૦). મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે યોજાયેલ સમારંભમાં તેઓને ''જૈન ભૂષણ રત્ન એવોર્ડ''થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ખુબ ખુબ અભિનંદન.







---





## ''સૌરભ મેડિકલ હેલ્થકેરના દાતા''
## GASTROENTEROLOGY



**શ્રીમતી નીનાબેન તથા શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ (ખેતરવસી)**

શ્રી નેમીષ જયેશભાઈ દિલીપભાઈ શાહ (ખેતરવસીનો પાડો) હાલ ગોરેગામ, યુ.એસ.એ. કોલેજ યુનિવર્સીટી ઓફ સાઉર્થન કેલિફોર્નિયા ખાતે કોમ્પ્યુટર સાયન્સ M.S ડીગ્રી પ્રાપ્ત કરી છે.

ખુબ ખુબ અભિનંદન.

# શ્રી પાટણ જૈન મંડળ - હોદ્દેદારો અને સમિતિઓ

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સને ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬ અને સને ૨૦૨૬-૨૭ના મંડળની વ્યવસ્થાપક સમિતિમાં આગામી વર્ષ માટે નિમાયેલ પ્રમુખ, ટ્રસ્ટીઓ, ઉપપ્રમુખ, એડમિનિસ્ટ્રેશન, ફાઈનાન્સ તથા નીચે મુજબની અન્ય સમિતિઓની નામાવલી, મોબાઈલ, વિસ્તાર, મહોલ્લો, ઈમેલની વિગતો અત્રે પ્રગટ કરવામાં આવેલ છે.**

## TRUST BOARD

| Sr. No. | Name | Post | Residency | Mobile No | Email Id | Mahollo |
|---|---|---|---|---|---|---|
| 1 | Daneshbhai Vinodchandra Shah (Matliwala) | Managing Trustee | Vile Parle | 9930891985 | danesh.shah@znlbearings.com | Kanasano Pado |
| 2 | Bharatbhai Nemchand Shah | Trustee | Marine Drive | 9821042230 | bharat@sk1932.com | Kumbharia Pado |
| 3 | Pradeepbhai Ramanlal Shah | Trustee | Walkeshwar | 9820038925 | prs19471@hotmail.com | Kumbharia Pado |
| 4 | Dineshbhai Rasiklal Shah | Trustee | Walkeshwar | 9820493906 | dineshrshah29@yahoo.com | Dankmehtano Pado |
| 5 | Rameshbhai Chhabildas Jhaveri | Trustee | Vile Parle | 9821245233 | j.p.products1@gmail.com | Manmohanjini Sheri |
| 6 | Deepakbhai Revantilal Shah | Trustee | Walkeshwar | 9820522936 | info@eurekavhem.com | Kanasano Pado |
| 7 | Ravibhai Sevantilal Shah | Trustee | Tardeo | 9820042314 | ravishah@ksevantilal.com | Chitarani Khadki |

## VICE PRESIDENT

| Sr. No. | Name | Post | Residency | Mobile No | Email Id | Mahollo |
|---|---|---|---|---|---|---|
| 1 | Hemantbhai Kantilal Shah | First Vice President | Vile Parle | 9820048367 | hkshah18@gmail.com | Salvi Wado |
| 2 | Rajendrabhai Jayantilal Shah | Vice President | Borivali | 9322227209 | nehajenterprise@gmail.com | Bhabhano Pado |
| 3 | Rohitbhai Mahasukhlal Shah | Vice President | Marine Drive | 9820227147 | rohitshah1406@gmail.com | Mar.mehtano Pado |
| 4 | Dineshchandra Shantilal Shah | Vice President | Lower Parel | 9821164958 | dinesh@micronplaters.com | Fof - Poleni Sheri |
| 5 | Hiteshbhai Mahendrabhai Shah | Vice President | Walkeshwar | 9820070208 | Hitesh.159shah@gmail.com | Kapoormehtano Pado |

## ADMINISTRATION COMMITTEE

| Sr. No. | Name | Post | Residency | Mobile No | Email Id | Mahollo |
|---|---|---|---|---|---|---|
| 1 | Rajendrabhai Jayantilal Shah | Vice President | Borivali | 9322227209 | nehajenterprise@gmail.com | Bhabhano Pado |
| 2 | Deveshbhai Rameshchandra Shah | Secretary (Admn.) | Cowpatty | 9869333716 | deveshshah63@gmail.com | Fof Vakhatjini Sheri |
| 3 | Hiteshbhai Jashwantlal Shah | Secretary (Admn.) | Vile Parle | 9820533818 | hitesh.shah@suruchemical.com | Bhabhano Pado |
| 4 | Priteshbhai Kiritbhai Nandarbarwala | Secretary (Admn.) | Walkeshwar | 9920573699 | sales@filkoeng.com | Dankmehtano Pado |
| 5 | Nikhilbhai Mahendrabhai Banker | Jt. Secretary (Admn.) | Marine Drive | 9820043058 | nikhilbanker@gmail.com | Mar.mehtano Pado |
| 6 | Bhavikbhai Bhadreshbhai Shah | Jt. Secretary (Admn.) | Kandivali | 9666676701 | bhavik3184@gmail.com | Shamlajini Sheri |

## OFFICE BEARER (CORE TEAM)

| Sr. No. | Name | Post | Residency | Mobile No | Email Id | Mahollo |
|---|---|---|---|---|---|---|
| 1 | Daneshbhai Vinodchandra Shah (Matliwala) | Managing Trustee | Vile Parle | 9930891985 | danesh.shah@znlbearings.com | Kanasano Pado |
| 2 | Hemantbhai Kantilal Shah | First Vice President | Vile Parle | 9820048367 | hkshah18@gmail.com | Salvi Wado |
| 3 | Rajendrabhai Jayantilal Shah | Vice President | Borivali | 9322227209 | nehajenterprise@gmail.com | Bhabhano Pado |
| 4 | Rohitbhai Mahasukhlal Shah | Vice President | Marine Drive | 9820227147 | rohitshah1406@gmail.com | Mar.Mehtano Pado |
| 5 | Dineshbhai Shantilal Shah | Vice President | Lower Parel | 9821164958 | dinesh@micronplaters.com | Polni Sheri |
| 6 | Hiteshbhai Mahendrabhai Shah | Vice President | Walkeshwar | 9820070208 | hitesh@verygold.com | Kapoormehtano Pado |
| 7 | Deveshbhai Rameshchandra Shah | Secretary (Admn.) | Cowpatty | 9869333716 | deveshshah63@gmail.com | Fof Vakhatjini Sheri |
| 8 | Bhavikbhai Bhadreshbhai Shah | Jt. Secretary (Admn.) | Kandivali | 7666676701 | bhavik3184@gmail.com | Shamlajini Sheri |

## FINANCE COMMITTEE

| Sr. No. | Name | Post | Residency | Mobile No | Email Id | Mahollo |
|---|---|---|---|---|---|---|
| 1 | Daneshbhai Vinodchandra Shah (Matliwala) | President | Vile Parle | 9930891985 | danesh.shah@znlbearings.com | Kanasano Pado |
| 2 | Shaileshbhai Sevantilal Shah | Secretary (Finance) | Girgaon | 9323967660 | shaileshshah1@hotmail.com | Tamboli Wado |
| 3 | Jyotindrabhai Jayantilal Shah | Secretary (Finance) | Vile Parle | 9819793001 | elegantspares@hotmail.com | Limdino Pado |
| 4 | Urmilbhai Girishbhai Shah | Secretary (Finance) | Vile Parle | 9820527710 | urmil@kdpaccountants.com | Bhabhano Pado |
| 5 | Tusharbhai Jitendrabhai Shah | Jt. Secretary (Finance.) | Marine Drive | 9819939272 | shahtushar74@gmail.com | Khajurino Pado |
| 6 | Hiteshbhai Mahendrabhai Shah | Jt. Secretary (Finance.) | Walkeshwar | 9820070208 | hitesh.159shah@gmail.com | Kapoormehtano Pado |
| 7 | Hemangbhai Kiritbhai Shah | Jt. Secretary (Finance.) | Kandivali | 9820196264 | hemangkshahandco@gmail.com | Mallatno Pado |
| 8 | Jayeshbhai Bipinbhai Shah | Jt. Secretary (Finance.) | Tardeo | 9892001097 | js_2910@hotmail.com | Kanasano Pado |
| 9 | Nilaybhai Daneshbhai Shah | Comm. Member | Vile Parle | 9820756997 | nilay567@gmail.com | Padigundino Pado |
| 10 | Naishalbhai Nigneshbhai Shah | Comm. Member | Goregaon | 9920702204 | naishalnshah@gmail.com | Kanasano Pado |

## ADVISORY BOARD

| Sr. No. | Name | Residency | Mobile No | Email Id | Mahollo |
|---|---|---|---|---|---|
| 1 | Dineshbhai Rasiklal Shah | Walkeshwer | 9820493906 | dineshrshah29@gmail.com | Dankmehtano Pado |
| 2 | Mahendrabhai Gundrawala | Nepeansea Rd | 9821849991 | mngunderwala@gmail.com | Fof Vasupujyani Sheri |
| 3 | Bharatbhai Balubhai Shah | Marine Drive | 9819033599 | -- | Keshusethno Pado |

| Sr. No. | Name | Post | Residency | Mobile No | Email Id | Mahollo |
|---|---|---|---|---|---|---|
| 4 | Dr. Yashwantbhai Harilal Jhaveri | | Vile Parle | 9820088997 | yashwant@vasuchemicals.com | Siddhchakrani Pole |
| 5 | Niranjanbhai Amrutlal Shah | | Walkeshwer | 9867326322 | niranjan.shah@renjewellery.com | Kapoormehtano Pado |
| 6 | Bharatbhai Dalpatbhai Shah | | Goregoan | 9820157077 | -- | Kanasano Pado |
| 7 | Hitenbhai Champaklal Shah Vimawala | | Marine Drive | 9323742789 | hitencshah27@gmail.com | Shantinathni Sheri |

## PRATIBIMB COMMITTEE

